
## હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ



અમે, વિસર્જન... પ્રદુષણની માથાજીકમાં પડતા જ નથી... ચોકલેટમાંથી જ બનાવી નાખીએ છીએ



સેક્ટર-૧૧ રામકથા મેદાન ખાતે વિચરતી અને વિમુક્ત જનજાતિ સંમેલન યોજાયુ હતુ. આ કાર્યક્રમ મોટી સંખ્યામાં વિચરતી-વિમુક્ત જાતિના પરિવારો હાજર રહ્યા હતા.



રહેમરાહે નોકરીની યોજના પુનઃ શરૂ કરવાની માંગ સાથે કેટલાક અસરગ્રસ્ત પરિવારો, એલઆરડી જવાનો અને પોલીસ પરિવારો ધરણાં પર બેઠા છે. સેક્ટર-૬ સત્યાગ્રહ છાવણી ખાતે આંદોલનકારીઓની સંખ્યા વધતા પોલીસે બંદોબસ્ત વધાર્યો છે.

# ટાટા ચોકડી પાસે હોમગાર્ડ જવાનના પગ પરથી ટ્રકનું ટાયર ફરી વળ્યુ

**ખાનગી હોસ્પિટલમાં હોમગાર્ડ સારવાર હેઠળ, પોલીસે ટ્રક ચાલકની અટકાયત કરી, પીછો કરી રહેલા હોમગાર્ડ જવાનના બાઈકને ટ્રક ચાલકે અડફેટે લીધું.**





ગાંધીનગર, તા.૨

શહેરના ક-૬ ટાટા ચોકડી પાસે ડમ્પર ચાલકે હોમગાર્ડ જવાનને ટક્કર મારી હતી. હોમગાર્ડ જવાન નીચે પટકાતા તેના પગ પરથી ટ્રકનું તોતિંગ ટાયર ફરી વળ્યું હતું. ગંભીર ઈજાગ્રસ્ત હોમગાર્ડ જવાનને સિવિલ હોસ્પિટલ પ્રાથમિક સારવાર આપી ખાનગી હોસ્પિટલ ખસેડાયો હતો. બનાવ અંગે પોલીસે ટ્રક ચાલકની અટકાયત કરી વધુ તપાસ હાથ ધરી છે. સુત્રો દ્વારા મળતી વિગત મુજબ ગાંધીનગર ટ્રાફિક શાખામાં ફરજ બજાવતા હોમગાર્ડ જવાન વિષ્ણુભાઈ રબારી ક-૭ પાસે પોઈન્ટ પર હાજર હતા. તે સમયે એક ડમ્પર ચાલક પોતાની ટ્રક બેફામ ગતિએ લઈને નીકળતા વિષ્ણુભાઈએ બાઈક લઈ તેનો પીછો કર્યો હતો. ત્યારે ટ્રક ચલાકે પાછળ આવી રહેલા બાઈકને અડફેટે લીધુ હતું. જેને પગલે હોમગાર્ડ જવાન માર્ગ પર પટકાતા તોંતિગ ડમ્પર હોમગાર્ડના પગ પરથી પસાર થઈ ગયુ હતું. જેથી વિષ્ણુભાઈ રબારીને પગે ગંભીર ઈજા પહોંચી હતી. અકસ્માતને પગલે રાહદારીઓ અને સ્થાનિક નાગરીકો એકઠા થઈ ગયા હતા. જયારે અકસ્માત સ્થળે તાત્કાલીક ટ્રાફિક સ્ટાફના કર્મચારીઓ પણ દોડી આવ્યા હતા. તો બીજીતરફ બનાવની જાણ થતા હોમગાર્ડ જવાનો અને ટ્રાફિક વિભાગના કર્મચારીઓ પણ દોડી આવ્યા હતા. ઈજાગ્રસ્તને તાત્કાલીક ૧૦૮ દ્વારા ગાંધીનગર સિવિલ સારવાર માટે લઈ ગયા હતા. જયાં પ્રાથમિક સારવાર પછી ખાનગી હોસ્પિટલમાં જવાનને લઈ ગયા હતા. જવાનને અકસ્માત થતા હોમગાર્ડ જવાનો અને ટ્રાફિક શાખાના કર્મચારીઓ હોસ્પિટલ ખાતે મોટીસંખ્યામાં દોડી આવ્યા હતા.

## ખૂણેખાંચરેથી

- ગાંધીનગર શહેરમાં ગરમીનો પારો ૩૪ ડિગ્રી પહોંચ્યો હતો જો કે ૪૬ ડિગ્રી જેટલી ગરમી લોકોએ અનુભવી હતી.
- જલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં ૭૪૦૦થી વધુ લોકોને કોરોના વેક્સીનેશન અભિયાન હેઠળ આવરી લેવામાં આવ્યા હતા.
- વેટરનરી ઈન્ટર્ન તબીબોની માંગ સ્વીકારી રાજ્ય સરકારે તેમના સ્ટાઈપેન્ડમાં વધારો કરી રૂ. ૮ હજાર ચુકવવાનો નિર્ણય કર્યો છે.
- ગાંધીનગર જિલ્લામાં કપાસ અને દિવેલાના પાકમાં ચૂસિયા પ્રકારની જીવાતોએ દેખા દેતાં ખેડૂતો ચિંતીત બન્યા છે.
- ગાંધીનગર શહેરમાં આજે ટ્રાફિકનું ભારણ ઓછુ જણાયુ હતુ.
- ગાંધીનગર શહેરના આંતરિક માર્ગોની સફાઈનો મુદ્દો પુનઃ લોકજીભે ચર્ચાનો મુદ્દો બન્યો છે.
- શહેર-જિલ્લામાં કોરોના અને સ્વાઈન ફલુના કહેર વચ્ચે વાહકજન્ય અને પાણીજન્ય રોગચાળાના કેસો પણ નોંધાયા છે.
- ગાંધીનગર શહેરમાં નીલગાયો સેક્ટરોમાં પણ હવે ફરી રહી હોવાથી નગરજનોમાં તે ભારે ચર્ચાનો મુદ્દો બન્યો છે.
- દહેગામમાં આવેલ દહેગામ ઈન્ટરનેશનલ સ્કૂલમાં જાપાનીઝ ડેલીગેશન હ્યોગોએ મુલાકાત લીધી હતી.
- ગાંધીનગર શહેર-જિલ્લામાં નવરાત્રિ ગરબાઓની તૈયારીઓમાં આયોજકો વ્યસ્ત બન્યા છે.
- ગાંધીનગર શહેર જે ટ્રાન્ઝીટ પોઈંટ તરીકે વધુ ડેવલપ થયુ છે પરંતુ બસોની અનિયમિતતાથી મુસાફરોની પરેશાની વધી છે અને તંત્ર દ્વારા મુસાફરોને યોગ્ય જવાબો નહિ મળતા હોવાની ફરિયાદો પણ ઉઠી છે.

## નેશનલ ફોરેન્સિક સાયન્સ યુનિવર્સિટીના સ્ટુડીયોમાં આગ ભભુકી ઉઠી









ગાંધીનગર, તા.૨

શહેરના સેકટર-૯ સ્થિત નેશનલ સાયન્સ ફોરેન્સિક યુનિવર્સિટી ખાતે આજે બપોરના સુમારે ગેસ્ટ હાઉસના સ્ટુડીયો એપાર્ટમેન્ટના રૂમમાં અચાનક આગ ભભુકી ઉઠી હતી. એસીમાં શોર્ટ સર્કિટને પગલે આગ લાગી હતી. પરંતુ આગની જવાળામાં રૂમમાં રહેલો સામાન બળીને ખાક થઈ ગયો હતો.જો કે બનાવની જાણ થતા ફાયર ટીમના જવાનોએ પહોંચીને પાણીનો મારો ચલાવી આગ પર કાબુ મેળવી લીધો હતો. પ્રાપ્ત વિગત મુજબ સેકટર-૯ ખાતે આવેલી એનએફએસયુના ગેસ્ટ હાઉસના સ્ટુડીયો એપાર્મેન્ટમાં આજે રૂમ નં.૨૦૩ માં આગ લાગી હતી. આગની જવાળાઓ જોઈ યુનિવર્સિટીના અધિકારીઓ તેમજ સ્ટાફના ક્રમચારીઓ પણ દોડી આવ્યા હતા. ત્યારે ગણતરીની મીનીટોમાં આગે વિકરાળ સ્વરૂપ ધારણ કરતા આગના ગોટેગોટા દુર દુર સુધી જોવા મળ્યા હતા. બનાવની જાણ થતા ફાયર ટીમના જવાનો તાત્કાલીક પહોંચીને પાણીનો મારો ચલાવી આગ પર કાબુ મેળવી લઈને આગને વધુ પ્રસરતા અટકાવી દીધી હતી. રૂમમાં રહેલી તમામ ચીજવસ્તુઓ આગની જવાળામાં બળીને સ્વાહા થઈ ગઈ હતી. જો કે બનાવમાં સદનસીબે કોઈ જાનહાની થઈ ન હતી. જયારે ફાયરની પ્રાથમિક તપાસમાં એસીમાં શોર્ટ સર્કિટને પગલે આગ લાગી હોવાનું જાણવા મળ્યું છે.

## શહેરના સેકટર-૫ બી ખાતેથી હીરો સ્પ્લેન્ડર બાઈકની ચોરી

ગાંધીનગર, તા.૨

શહેરના સેકટર-૫ બી ખાતે ઘર પાસે પાર્ક કરેલા બાઈકની ચોરી થતા સેકટર-૭ પોલીસ મથકે ફરીયાદ નોંધાઈ છે. સુત્રો દ્વારા મળતી વિગત મુજબ શહેરના સેકટર-૫ બી પ્લોટ નં.૧૪૬૨-૨ ખાતે રહેતા મુરતુજાખાન મહેબુબખાન બલોચ (ઉં.૩૩) મેઘ મલ્હાર સેકટર-૧૧ ખાતે બીજનેશ સેન્ટરમાં કોમ્પ્યુટર તેમજ સીસીટીવી રીપેરીંગનું કામ કરે છે. પોતાના ઉપયોગ માટે મુરતુજા બાઈક નં. જી.જે.૧૮.ડી.એ.-૦૭૫૪ નો ઉપયોગ કરે છે. ગત તા.૨૬ ઓગસ્ટના રોજ રાત્રીના આઠ વાગે સેકટર-૫ ની શોંપીગમાં દુધ લેવા માટે ગયા હતા અને અડધો કલાક પછી ઘરે પરત ફર્યો હતો.ત્યારબાદ ઘર પાસે આંગણામાં બાઈક લોક કરીને પાર્ક કર્યુ હતું. બીજા દિવસે સવારે આઠ વાગે નોકરી જવા માટે ઘરની બહાર જોયુ તો પાર્ક કરેલી જગ્યા પર બાઈક ન હતું. જેથી બાઈક અંગે આસપાસના વિસ્તારમાં તપાસ કરવા છતા મળી ન આવતા યુવકે પોલીસ મથકે રૂ.૨૦ હજારના બાઈક ચોરી અંગે ફરીયાદ નોંધાવી છે.

## શહેરના ડેપોમાં યુવકના ખીસ્સામાંથી મોબાઈલની ચોરી

ગાંધીનગર, તા. ૨

ગાંધીનગર શહેરના એસટી ડેપોમાં મોબાઈલ ચોરીની સિલસિલો યથાવત રહેવા પામ્યો છે. બસમાં બેસવા માટે જતા વધુ એક યુવકનો મોબાઈલ ચોરી થયો છે. બનાવ અંગે પોલીસ મથકે ફરીયાદ નોંધાઈ છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ લુણાવાડા જિલ્લાના આગરવાડા ગામના વતની ભૌમિક ભરતભાઈ ખાંટ વડોદરા પારૂલ યુનિવર્સિટી ખાતે અભ્યાસ કરે છે. ભૌમિકના જીજાજી ગાંધીનગર ખાતે રહે છે, તેઓ બિમાર હોવાથી તે લેવા માટે ગત તા.૨૭ ના રોજ આવ્યો હતો. જયારે બપોરના દોઢ વાગ્યાના અરસામાં ગાંધીનગર-ગરબાડા બસમાં બેસવા માટે મુસાફરોની ભારે ભીડ હતી. તે સમયે ધક્કા મુકી પણ થઈ હતી. તે સમયે યુવકના પેટના ખિસ્સામાંથી કોઈ ચોર શખ્સ મોબાઈલ ફોન ચોરી કરી નાસી ગયો હતો. બનાવ અંગે યુવકે રૂ.૧૭,૯૯૯ ના મોબાઈલ ફોન અંગે ઓનલાઈન ફરીયાદ નોંધાવતા પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

## ચિલોડા જનકપુર સોસાયટીમાં ગણેશ મહોત્સવનું આયોજન કરાયું



ચિલોડા, તા. ૧

ગાંધીનગર જિલ્લાના મુખ્ય પ્રવેશદ્વાર સમા ચિલોડા જનકપુરી સોસાયટી તથા ચિલોડા મુખ્ય બજારમાં આ વર્ષે ગણપતિ મહોત્સવનું આયોજન કરાયું છે. બુધવારે ભાદરવા સુદ ચોથના દિવસે શુભ મુહૂર્તમાં ઢોલ નગારાના તાલે સુશોભિત પંડાલ બનાવી યુવક મિત્ર મંડળ દ્વારા ગણેશજીની મૂર્તિને વાજતે ગાજતે ગણપતિ બાપા મોરિયાના નાદ સાથે મૂર્તિનું સ્થાપન કરવામાં આવ્યું. ત્યારબાદ વિઘ્નહર્તા દેવની પૂજા અર્ચના કરી હતી. આ દિવસે રાત્રે યુવક મંડળ દ્વારા ગણેશજીની મહા આરતી કરી સૌ સોસાયટીના ભક્તજનો ઉપસ્થિત રહી સાંસ્કૃતિક કાર્યક્રમો માણ્યા હતા.

# એસઆરપી ભરતીમાં વેઈટીંગમાં રહેલા ઉમેદવારોના છાવણી ખાતે ધરણા








ગાંધીનગર, તા.૨

પાંચ વર્ષ પહેલા લેવાયેલી એસઆરપીની ભરતી પરિક્ષામાં પાસ થયેલા ઉમેદવારો નોકરીની કાગડોળે રાહ જોઈને બેઠા છે. ઉમેદવારોનું વેરીફિકશનની પ્રક્રિયા પણ પૂર્ણ કરી દેવામાં આવી છે. તેમ છતા હજુ સુધી નિમણુંક ન મળતા ઉમેદવારો પોતાના પરિવાર સાથે છાવણી ખાતે આવી પહોંચીને સરકાર સામે મોરચો માંડ્યો છે.

પ્રાપ્ત માહિતી મુજબ રાજયમાં વર્ષ ૨૦૧૬-૧૭ માં લેવાયેલ એસઆરપી ભરતીમાં ૨૦ટકા પૈકી ૧૦ટકા ઉમેદવારોને નોકરી મળી ગઈ છે.

જયારે બાકીના ૧૦ ટકા એસસી, એસટી તેમજ ઓબીસીના ઉમેદવારોની ભરતી કરાઈ નથી. ત્યારે આ ઉમેદવારો હજુ પણ વેઈટીંગમાં છે તેઓને તાત્કાલીક નિમણુંક પત્ર આપવા માંગ કરવામાં આવી છે. રાજય સરકાર દ્વારા વર્ષ ૨૦૧૬-૧૭માં ભરતી પ્રક્રિયા હાથ ધરી હતી. રાજયમાં કુલ-૧૭૫૩૨ ખાલી જગ્યા ભરવાની જાહેરાત કરી હતી અને પરિણામ બાદ પાસ થયેલા ૨૦ ટકા ઉમેદવારોને વેઈટીંગમાં રાખવામાં આવ્યા હતા.

ત્યારે ઉમેદવારોએ વારંવાર રજુઆત કરવા છતા હજુ સુધી કોઈ હકારાત્મક નિર્ણય સરકાર તરફથી મળ્યો નથી. ત્યારે એસઆરપી ભરતીમાં વેઈટીંગમાં રહેલા ઉમેદવારોને નોકરી ન મળતા રોષ ભભુકી ઉઠ્યો છે. ઉમેદવારોએ નોકરી ન મળતા પરિવાર સાથે છાવણી ખાતે ધરણા યોજી મોરચો માંડ્યો છે.



વિધાનસભાની ચૂંટણી નજીક આવતા ચૂંટણી પ્રભાગે કામગીરી શરૂ કરી દીધી છે. કલેક્ટર કચેરી ખાતે ડેમો ઈલેક્શન કાર્યક્રમ યોજાયો હતો. મતદારોને ઈવીએમ અંગે જાણકારી આપવામાં આવી હતી.



## મહુન્દ્રા ગામે ગણેશોત્સવની ઉજવણી

મહુન્દ્રા ગામે ગણેશોત્સવમાં ગામના સરપંચ તથા પૂર્વ મહામંત્રી આઈ.બી. વાઘેલા તથા તાલુકા પંચાયત સ્ટેન્ડીંગ કમીટી ચેરમેન હાજર રહી આરતીનો લ્હાવો લીધો.

## ગુજરાત વિદ્યાપીઠના હિન્દી ભવનમાં પ્રા. રમેશભાઈ મ. પટેલની નિયામક તરીકે નિયુક્તિ કરાઈ



ગાંધીનગર, તા. ૨

અથાગ પરિશ્રમનો કોઈ વિકલ્પ નથી, સિદ્ધિ તેને જઈ વરે જે પરસેવે ન્હાય કહેવતને સાર્થક કરતા વયનિવૃત્ત પ્રા. રમેશભાઈ મ. પટેલની નિયુક્તિ નિયામકના હોદ્દા ઉપર ગૂજરાત વિદ્યાપીઠના હિન્દી ભવનમાં કુલનાયક ડૉ. રાજેન્દ્ર ખીમાણી દ્વારા કરવામાં આવી. ૧લી સપ્ટેમ્બરના રોજ પ્રા. રમેશભાઈ મ. પટેલના ૬૬મા જન્મ દિવસથી ગૂજરાત હિંદી - હિન્દુસ્તાની પ્રચાર સમિતિનો કાર્યભાર નિયામક પદે સ્વીકારી રાષ્ટ્રભાષાના પ્રચાર-પ્રસારનાં કાર્યો શરૂ કર્યા.

## રૂપાલ કન્યા શાળા પાસેથી જુગારીઓ ઝડપાયા

ગાંધીનગર, તા.૨

ગાંધીનગરના રૂપાલ ગામની કન્યા શાળાની સામે ખુલ્લી જગ્યામાં બાજી માંડીને બેઠેલા ચાર જુગારીઓને રોકડ રૂ. ૧૨,૭૨૦ નો મુદ્દામાલ કબ્જે કરી તમામ સામે જુગારધારા હેઠળ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ પેથાપુર પોલીસ મથકના જવાનો પેટ્રોલીંગ કરી રહ્યા હતા. તે દરમિયાન રૂપાલ ગામે આવતા તેઓને બાતમી મળી હતી કે કન્યા શાળાની સામે ખુલ્લી જગ્યામાં કેટલાક શખ્સો જુગાર રમે છે. જેથી પોલીસે રેઈડ પાડી કુંડાળુ વળીને બાજી માંડીને બેઠેલા જુગારીઓને પકડી પાડ્યા હતા. પોલીસે જુગારીઓના નામ પુછતા અજીતસિંહ અમરસિંહ ચાવડા, નરેશકુમાર બળદેવભાઈ શર્મા, રજનિકજી ભીખાજી ઠાકોર, જીગર ઉર્ફે સલીમ નરેશભાઈ સુથાર (તમામ-રૂપાલ ગામ)ને પકડી પાડ્યા હતા. જુગારીઓના દાવ પરથી પોલીસને રૂ.૫૨૦ તેમજ રોકડા રૂ.૧૨,૨૦૦ મળી કુલ રૂ.૧૨,૭૨૦ નો મુદ્દામાલ કબ્જે કરી આગળની કાર્યવાહી હાથ ધરી છે.



કિસાનોએ આજકાલ સરકાર સામે બાંયો ચઢાવી છે. વિવિધ મુદ્દાઓને લઈને તેઓ સરકારમાં રજૂઆત કરી રહ્યા છે. બલરામ જયંતિ અવસરે કિસાન સંઘના અગ્રણીઓએ સરદાર પટેલની પ્રતિમા પાસે બલરામજીનો ફોટો મુકી આરતી ઉતારી હતી.



સેક્ટર-૧૨ સ્વામી વિવેકાનંદ માધ્યમિક શાળા ખાતે ગણેશજીનુ સ્થાપન કરવામાં આવ્યુ હતુ. શાળાના શિક્ષકો અને વિદ્યાર્થીઓએ ધામધૂમપૂર્વક ગણેશ મહોત્સવની ઉજવણી કરી શાળાના પ્રાંગણમાં જ ગણેશજીની મૂર્તિનું વિસર્જન કર્યુ હતું.



જય અંબે પરિવાર ટ્રસ્ટ ગાંધીનગરની અંબાજીની ૩૪મી પદયાત્રાના બીજા દિવસે કડા ગામ પાસે ખેતેશ્વર સેવાકેન્દ્ર ખાતે પદયાત્રીઓએ નાસ્તાનો આનંદ માણ્યો હતો.